મહત્તમ : ૩૮.૫ ડીગ્રી
લઘુતમ : ૨૭.૨ ડીગ્રી
ભેજ
સવારે ૭૬ ટકા ● સાંજે ૪૨ ટકા

ગાંધીનગર તાપમાન

કલરવ દ્વારા 'હું અને મારી મસ્તી' ઓનલાઈન કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૯

બાળ પ્રવૃત્તિઓને ઉત્તેજન આપતી ગાંધીનગરની સક્રિય સંસ્થા કલરવ દ્વારા છેલ્લા ૧૪ વર્ષથી, ૭ થી ૧૪ વર્ષની ઉંમરના બાળકોને હેતુલક્ષી પ્રવાસ તેમજ ઉનાળુ વેકેશન દરમિયાન બાળકોને ઉચિત મંચની તક આપી સુષુપ્ત શકિતઓને બહાર લાવવાનો પ્રયાસ કરે છે.

કોવિડ-૧૯ની મહામારીના લીધે કલરવ પણ તેની પ્રવૃત્તિઓને ઓનલાઈન યોજી બાળકો સુધી પહોંચી છે. કલરવના બાળમિત્રો સાથે ઘર બેઠા યોજી શકાય તેવો નિર્દોષ, મસ્તી અને બોધપાઠ સભર કાર્યક્રમ 'હું અને મારી મસ્તી' ઓનલાઈન કાર્યક્રમમાં ૭૦થી વધુ બાળમિત્રોએ ઘેર બેઠા દોડાદોડી સહિતની વાસ્તવિક મસ્તીનો યાદગાર અનુભવ કર્યો હતો. કાર્યક્રમનું સંચાલન ગુજરાતના ખ્યાતનામ ઉદીપક ઉર્ફે ઊમા અને દીપકના ઉર્જાથી ભરપુર યુગલે કર્યું હતું. જેમાં તેમણે સંવેદનાની

લાગણીઓની નજરથી પરિવારના સ્વજનો સંવાદની નોખી ઢબ, ઘરમાં જ આસપાસ જોવાને બદલે અવલોકન કરીને ચીજ વસ્તુની જાણકારી, રસોઈ ઘરની બારીક માહિતી સાથે ઉપયોગીતાની સમજ, પપ્પા મમ્મી તેમજ વ્હાલા આપ્તજનો સાથે સ્નેહ વ્યકત કરવાની સરળ પધ્ધતિ કલ્પનાના ઘોડા પર સવાર થવાની મજા સાથે અભિવ્યકિતના સહજ રસ્તાઓ, બાળકોમાં 'સ્વ'ની ઓળખ કરવાની રીત ઉપરાંત, શોધની શાળાનો સુપેરે પરિચય કરાવ્યો હતો. ચાલુ સત્ર દરમિયાન બાળમિત્રોએ રમત રમતમાં ૧૦૦થી વધુ પ્રતિભાવો લખીને પણ આપ્યા હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા કલરવના સૂત્રધાર કમલ કિશોર જૈન સાથે ઊર્મિલ વેદ, આશાબેન સરવૈયા, ડૉ. પિયુષભાઈ દવે, નરેશ ઠાકર સહિત કારોબારી સભ્યોએ યોગદાન આપ્યું હતું.

જન્મદિને વધામણી

અશોકભાઈ ચીમનલાલ ભાવસાર
મો. ૯૭૩૭૧ ૭૯૭૬૪

નિકુંજકુમાર પી પટેલ
માઋતિ મંડપ ડેકોરેટર્સ
મો. ૯૭૧૪૫ ૯૧૬૦૧

કેતુલ એચ. પટેલ
મો. ૯૫૮૫ ૮૬૧૫૮

ઠાકોર હિનલ બાબુજી

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારનો મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

ખૂણેખાંચરેથી

● ગાંધીનગર તાલુકા ભાજપના મહામંત્રી રવિ પટેલનું હૃદયરોગના હુમલાથી આજે સવારે દુઃખદ અવસાન થતાં ભાજપના કાર્યકરોમાં શોકની લાગણી પ્રસરી જવા પામી હતી.

● આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સત્તાના સૂત્રો સંભાળ્યાના સાત વર્ષ થતાં આજનો દિવસ સેવા દિવસ તરીકે મનાવવામાં આવશે.

● ગાંધીનગર શહેર કોંગ્રેસ પ્રમુખ પ્રદીપસિંહ વાઘેલાએ આજે વેક્સિનેશનનો પ્રથમ ડોઝ લીધો હતો.

● ગાંધીનગર શહેરમાં આજે ૪૫૦૦ થી વધુ લોકોને વેક્સિનેશન અભિયાન અંતર્ગત આવરી લેવામાં આવ્યા છે. ૩૮૦૦ થી વધુ ૧૮+ અને ૭૬૭ ૪૫+ લોકોને આવરી લેવામાં આવ્યા છે.

● જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૧૯૭ લોકોને વેક્સિનેશન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

● રાજયના પૂર્વ નાણાંમંત્રી અરવિંદ સંઘવીનું આજે દુઃખદ અવસાન થયુ છે.

● માર્કેટયાર્ડમાં જણસોના ભાવમાં કડાકો બોલતાં જણસોની આવકમાં ઘટાડો જોવા મળી રહ્યો છે.

● માણસા તાલુકામાં આજે જે.એસ. પટેલ પરિવાર દ્વારા "B" પ્રકારના બે ઓક્સિજન સિલિન્ડર તેમજ જમ્બો ટાઈપના બે સિલિન્ડર તાલુકાના ૭ પી.એ.એચ.સી., ૩ સી.એચ.સી. અને ત્રણ કોવિડ હોસ્પિટલને "સેવા દિવસ"ની ઉજવણીના ભાગરૂપે ભેટ સ્વરૂપે આપવામાં આવનાર છે.

● આજે રજાનો શનિવાર હોવા છતાં આરોગ્ય વિભાગે વેકિસનેશન અને કોવિડના પોઝીટીવીટી રેટને લઈ વિડીયો કોન્ફરન્સ યોજી હતી.

પેથાપુર સ્વામિનારાયણ મંદિરનો ૧૭મો વાર્ષિક પાટોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરના પેથાપુર ખાતે કાલુપુર નર નારાયણ દેવ ગાદી હેઠળના સ્વામિનારાયણ મંદિર ખાતે વૈશાખ વદ બીજ તા. ૨૮મી મે શુક્રવારે મંદિરમાં હરિભક્તોના તમામ મનોરથ પૂરા કરતા એવા હાજરાહાજુર પ્રતાપી શ્રી ઘનશ્યામ મહારાજ રાધાકૃષ્ણ દેવનો ૧૭મો વાર્ષિક પાટોત્સવ ઉજવાયો હતો. આ પ્રસંગે સવારે વહેલા પંચામૃત, દૂધ, ધી, સાકર, મધ, કેસર, ચંદન જેવા સુગંધીત દ્રવ્યો થકી ઘનશ્યામ મહારાજ રાધાકૃષ્ણ દેવનો ધાર્મિક વિધિ અનુસાર અભિષેક કરવામાં આવ્યો હતો. આ પછી મહારાજને વૈવિધ્ય સભર તમામ પ્રકારની મિઠાઈ, ફરસાણ, ફળ-ફળાદી, ડાયફ્રુટ, વિવિધ શરબત તથા જ્યુસ અને અલગ અલગ મુખવાસ સહિત મહા અન્નકુટ ધરાવવામાં આવ્યો હતો અને કીર્તન સહિત ભગવાનના વિશેષ શણગારનું પણ ગુણગાન કરવામાં આવ્યું હતું. ઉત્સવમાં કોરોના મહામારી અંતર્ગત સરકાર દ્વારા સૂચિત તમામ ગાઈડ લાઈનનું ચૂસ્તપણે પાલન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનુ આયોજન પેથાપુર સ્વામિનારાયણ મંદિરના મહંત સ્વામી ધર્મ પ્રવર્તક દાસજી (ગુરુ સ્વામી)એ કાલુપુર નર નારાયણ દેવ પીઠાધિપતિ આચાર્ય મહારાજ પૂ. કૌશલેન્દ્ર પ્રસાદજી મહારાજના પ્રેરણારૂપ આજ્ઞાત્મક આશીર્વાદ સહિત પેથાપુર ગામના તથા આજુબાજુના હરિભક્તો થકી કર્યું હતું.

વનશ્રી ટ્રસ્ટ દ્વારા આરામ બિંદુનું નિઃશુલ્ક વિતરણ

ગાંધીનગર, તા.૨૯

વનશ્રી ટ્રસ્ટ દ્વારા નાસ માટેની આરામ બિંદુ દવાનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું છે. ગાંધીનગર અને અમદાવાદમાં દસ હજારથી વધુ આરામ બિંદુ દવાનું વિતરણ કરી સમાજસેવાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પુરું પાડયું છે.

વનશ્રી ટ્રસ્ટ દ્વારા છેલ્લા ૨૦ વર્ષથી ગાંધીનગર અને અમદાવાદમાં વિવિધ સ્થળોએ પર્યાવરણ સંવર્ધન અને સમાજોપયોગી કાર્યનું આયોજન કરવામાં આવે છે. કોરોનાના કેસો વધતા વનશ્રી ટ્રસ્ટ દ્વારા આયુર્વેદિક દવાઓનું વિતરણ કાર્ય છેલ્લા ૨ વર્ષથી અવિરત પણે કરવામાં આવી રહ્યું છે. હોમિયોપેથિક દવાઓ, માસ્ક અને સેનેટાઈઝરનું વિતરણ પણ સતત ચાલી રહ્યું છે કોરોનાના દર્દીઓને નાસ લેવા માટે ઉપયોગી હોય એવા આયુર્વેદિક આરામબિંદુ દવાનું વિતરણ છેલ્લા કેટલાય સમયથી વનશ્રી ટ્રસ્ટ દ્વારા કરવામાં આવી રહ્યું છે. ગાંધીનગર અને અમદાવાદમાં દસ હજારથી વધુ આરામબિંદુ દવાનું વિતરણ કરી વનશ્રી ટ્રસ્ટે શ્રેષ્ઠ કામગીરી કરી છે. કોવિડ હોસ્પિટલો, પોલીસકર્મીઓ અને સેવાભાવી સંસ્થાઓને પણ આ દવાનું વિતરણ સતત કરવામાં આવી રહ્યું છે. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા વનશ્રી ટ્રસ્ટના સ્વયં સેવકોએ ભારે જહેમત ઉઠાવી હતી. માર્ગદર્શન વનશ્રી ટ્રસ્ટના એમ.ડી. દ્વારા અપાયું હતું.

યુનિવર્સલ એકસપ્લોરર ગૃપ દ્વારા ઓનલાઈન સમર કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરના યુનિવર્સિલ એકસપ્લોરર ગૃપ દ્વારા ૩ જુનથી ૧૨ જુન દરમિયાન ઓનલાઈન સમર કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. કેમ્પ દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવશે. જેમાં સેલ્ફ ડિફેન્સ, યોગ, એરોબિકસ (ડાન્સ એકસરસાઈઝ), ડ્રોઈંગ કોમ્પીટીશન, કિવક કોમ્પિટીશન, આર્ટ એન્ડ ક્રાફટ, કલે વર્ક, પર્સનાલિટી ડેવલોપમેન્ટ અને એન્જોયેબલ ગેમ્સ-એકિટવિટીસ વગેરેનો સમાવેશ થાય છે.

ઓનલાઈન સમર કેમ્પની વધુ માહિતી માટે સંસ્થાના કેમ્પ ડાયરેકટર જતીન દવેનો મો. ૮૦૦૦૯૫૮૩૨૩, ૭૪૦૫૨૬૭૨૭ પર સંપર્ક સાધવા જણાવાયું છે. કેમ્પમાં ભાગ લેનાર દરેક તાલીમાર્થીને સંસ્થા દ્વારા સર્ટીફીકેટ આપવામાં આવશે તથા ઉત્તમ દેખાવ કરનાર તાલીમાર્થીઓને પ્રાઈઝ આપવામાં આવશે.

શહેરના યુવકે વધુ પૈસા કમાવવાની લાલચમાં ૪.૫૦ લાખ ગુમાવ્યા

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેરના યુવકને કેમીકલ વડે જુની નોટ કડકડતી કરી આપી તેના બદલામાં વધુ રૂપીયા આપવાની લાલચ આપી ઠગ ટોળકી રૂ.૪.૫૦ લાખની ઠગાઈ કરી રફુચક્કર થઈ ગઈ છે. બનાવ અંગે ભોગ બનનારે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રાંદેસણ સત્યમેવ રીવેરા ફલેટ નં.૩૦૪ ખાતે રહેતા અને જમીન-મકાન લે-વેચનો વેપાર કરતા દક્ષેશ મહેશભાઈ પટેલ પોતાના પરીવાર સાથે રહે છે. ત્યારે છેલ્લા કેટલાક સમયથી દક્ષેશભાઈ ધોળેશ્વર મહાદેવ મંદિર ખાતે બેસવા માટે જતા હતા. ત્યારે તેમની ઓળખાણ અમદાવાદ ઈસનપુર વ્રજભુમિ સોસાયટી બી-૪૬ ખાતે રહેતા શૈલેષ પંચાલ થઈ હતી. ત્યારબાદ શૈલેશભાઈએ દક્ષેશને કહ્યું હતું કે આણંદવાળા સાહેબ પૈસા ડબલ કરી આપે છે. તમારી પાસે પૈસા હોય તો વોરા સાહેબ સાથે બેઠક ગોઠવી આપું. આ વાતથી દક્ષેશના મનમાં લાલચ આવી હતી. જેથી થોડા સમયમાં જ વોરા સાહેબ જોડે દક્ષેશની ટેલીફોનીક વાત શરુ થઈ હતી. ત્યારબાદ શૈલેશે પૈસા ડબલ કરવા હોય તો વોરા સાહેબને બોલાવી લઉ, જેથી દક્ષેશે હા પાડી હતી. જેથી ગતરોજ સાંજના સુમારે શાહપુર સર્કલ પાસે વોરા સાહેબ સાથે અન્ય ત્રણ વ્યકિત હતા.દક્ષેશ સાડા ચાર લાખ રૂપીયા લઈને ત્યાં ગયો હતો. તે સમયે કારમાં બેઠેલા શખ્સે દક્ષેશને નોટના બંડલ બતાવ્યા હતા. એક પીળા કલરના પ્રવાહીની બોટલ બતાવીને કહ્યું કે અમારી પાસે એવુ કેમીકલ છે કે રૂપીયા પર છંટકાવ કરતા જ નોટ કડક થઈ જાય. છે. અમારી પાસે એક પાર્ટી છે જે નવી નોટના બદલામાં ૩૦ ટકા વધુ રકમ આપશે. જો તુ પાંચ લાખ આપીશ તો તેની સામે છ લાખ ૫૦ હજાર મળશે. ત્યારબાદ તેણે કેમીકલની ડેમો જોવાની ઈચ્છા વ્યકત કરીહતી. બાદમાં તેણે સાડા ચાર લાખ રૂપીયા ભરેલી બેગ કારમાં મુકી હતી. જયાં માર્ગ ની સાઈડમાં તેને ડેમો બતાવવાના બહાને એક શખ્સ કારથી દુર લઈ ગયો હતો. જયારે કારમાં વોરા સાહેબ સહિતના ત્રણ શખ્સ કારમાં બેસી રહ્યા હતા. દક્ષેશને ડેમો બતાવવાની વાતોમાં ગુંચવાઈને તે શખ્સ પણ કારમાં બેસી ફરાર થઈ ગયોહતો. ત્યારબાદ દક્ષેશે શૈલેષને ફોન કર્યા હતા. પરંતુ શૈલેષે ફોન ઉપાડવાનું બંધ કરી દીધુ હતું. આખરે છેતરામણીનો ભોગ બનેલા યુવકે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

ચોરીના બાઈક સાથે ફરતો આરોપી ઝડપાયો

ગાંધીનગર, તા.૨૯

શહેરના સેકટર-૨૧ સૌરાષ્ટ્ર ફરસાણ હાઉસની ગલીમાંથી ગત તા.૮ ના રોજ નંબર વિનાના પલ્સર બાઈકની ચોરી થઈ હતી. આ બાઈક ચોરને પકડી પાડવા માટે સર્વેલન્સની ટીમ બે માસથી કામગીરી ચાલી રહી હતી ત્યારે ડી સ્ટાફના હેડ કોન્સ્ટેબલ મહાવીરસિંહ રાણા અને યુવરાજસિંહને બાતમી મળી હતી કે જૈન દેરાસરથી બોરીજ ગામના ચોક તરફ પોપટી કલરનો શર્ટ અને વાદળી રંગનું જીન્સ પહેરેલ યુવાન પલ્સર બાઈક લઈને પસાર થવાનો છે. જેથી પોલીસની વિવિધ ટીમો કાર્યરત થઈ ગઈ હતી. તે સમયે પલ્સર બાઈક યુવાન પુરઝડપે પસાર થતાની સાથે પોલીસને જોઈ જતા બાઈક દોડાવ્યું હતું. પોલીસે પણ બાઈક ચાલકનો પીછો કરીને સર્કિટ હાઉસથી બાઈકને કોર્ડન કરી લઈ યુવાનને પકડી પાડયો હતો. પોલીસે યુવાનનું નામ પુછતા તેણે કમલેશ રાધેશ્યામ રાવલ અને બોરીજ ગામનો વસવાટ કરતો હોવાનું જણાવ્યું હતું. પોલીસે આરોપીની ધરપકડ કરીને બાઈક રીકવર કરીને આગળની તપાસ હાથ ધરી છે.

નાની બચતના વ્યાજના દરો સુનિશ્ચિત કરવા જાગૃત નાગરિક પરિષદે કેન્દ્રિય નાણાં મંત્રીને અનુરોધ કર્યો

ગાંધીનગર, તા.૨૯

નાની બચતની યોજનાઓના વ્યાજના દરોમાં ઘટાડો જાહેર કરીને પછીથી તેને પૂર્વવત કરવાના કેન્દ્રીય નાણામંત્રીના આદેશોની સમીક્ષા કરતાં ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદે કેન્દ્રીય નાણા મંત્રીને પત્ર દ્વારા સ્પષ્ટ રજૂઆત કરી શકે છે કે વરિષ્ઠ નાગરિકોને આર્થિક સુરક્ષા આપવા માટે નાની બચતના વ્યાજના દરો દર ત્રણ માસે રિવ્યુ કરવાને બદલે સતત પાંચ વર્ષ સુધી ચાલુ રાખવા જરૂરી છે.

નાની બચત યોજનાઓના વ્યાજના દરો યથાવત રાખવાના નાણા મંત્રીના નિર્ણયને આવકાર આપવા સાથે સંસ્થાઓએ જણાવ્યું છે કે હજુ ગયા વર્ષે જ વ્યાજમાં ૧.૪ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે . દેશના વરિષ્ઠ નાગરિકોની આવક સુનિશ્ચિત કરવા તેમજ વધતી મોંઘવારી સામે તેમને રક્ષણ આપવા માટે નાની બચત યોજનાઓના વ્યાજના દર ત્રિ માસિક રિવ્યુ કરવાને બદલે, આવતા પાંચ વર્ષ સુધી ચાલુ રાખવા આવશ્યક છે. આથી બચતની રાષ્ટ્રીય પરંપરાને અનુમોદન આપવા સાથે પોતાની પેન્શન વ્યવસ્થા જાતે ઊભી કરતા વરિષ્ઠ નાગરિકોને આર્થિક સુરક્ષા મળશે. યાદ રહે કે અમેરિકા અને યુરોપના વિકસિત દેશો પોતાના સિનિયર સિટીઝન્સને પેન્શન ઉપરાંત વિનામૂલ્યે તબીબી સવલતો પૂરી પાડે છે.

ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદે વિશેષમાં જણાવ્યું છે કે વરિષ્ઠ નાગરિકોને પોસ્ટ ઓફિસ બચત યોજનાઓ તેમજ બેંક ડિપોઝિટ પર બીજા રોકાણકારો કરતા એક ટકો વધારે વ્યાજ આપવામાં આવતું હતું જે છેલ્લા બે વર્ષથી ઘટાડીને ૦.૫ ટકા કરવામાં આવ્યું છે, આથી વરિષ્ઠ નાગરિકોની આવક ઉપર ગંભીર અસર પડી છે. વરિષ્ઠ નાગરિકોને બેંક ડિપોઝિટ અને પોસ્ટ ઓફિસ બચત યોજનાઓમાં એક ટકો વધુ વ્યાજ આપવાની પ્રથા ચાલુ રાખવામાં આવે તેવી પરિષદે વિનંતી કરી છે.

સે-૨૧ ડિસ્ટ્રીકટ શોપીંગ સેન્ટરમાં ગટરનું તુટેલું ઢાંકણ જોખમરૂપ

શહેરના સેકટર-૨૧માં ડિસ્ટ્રીકટ શોપીંગ સેન્ટરમાં રાધે સ્વીટ પાસે એક ગટર ચેમ્બરનું ઢાંકણ ઘણા દિવસોથી તુટેલી હાલતમાં છે જે દિન પ્રતિદિન વધુ તુટતું જઈ રહ્યું છે. સે-૨૧માં જે રીતે મુલાકાતીઓનો ધસારો રહે છે તેને અનુલક્ષીને આ ઢાંકણ અત્યંત જોખમરૂપ બની રહ્યું છે. જે કોઈ વ્યકિતનો ભોગ લઈ શકે અથવા ગંભીર રીત ઈજાગ્રસ્ત કરી મુશ્કેલી સર્જી શકે છે જેને સત્વરે બદલવામાં આવે તેવી આ વિસ્તારના વેપારીઓ સહિત મુલાકાતીઓમાં લાગણી પ્રવર્તી રહી છે.

શ્રી વિશ્વકર્મા સેવા સમાજ દ્વારા રાહતદરે નોટબુકનું વિતરણ કરાશે

ગાંધીનગર, તા.૨૯

શ્રી વિશ્વકર્મા સેવા સમાજ ગાંધીનગર દ્વારા સમાજના સભ્યોના બાળકો જેઓ કે.જી. થી ધોરણ-૧ થી ૧૨ ઉચ્ચ ક્ષેત્રે અભ્યાસ કરી રહ્યા છે. આ બાળકો માટે રાહતદરે નોટબુકોનું વિતરણ સંસ્થાના કાર્યાલય ખાતે તા.૧-૬-૨૧ થી કરવામાં આવશે. વિશ્વકર્મા સેવા સમાજના સૌ સભ્યોને પોતાના બાળકો માટે વહેલા તે પહેલા ના ધોરણે નોટબુક કાર્યાલયમાંથી સવારે ૯ થી ૧૨ સુધી મેળવી લેવાની રહેશે તેમજ સંસ્થાના કાર્યાલયમાં આવતા સર્વે સમાજના સભ્યોએ કોરોના ના નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે તેમ સંસ્થાના પ્રમુખ બિપિન સી. ગજજરે અનુરોધ કર્યો છે.

હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ

ના અમને પેટ્રોલનાં ભાવ વધારા સામે કોઈ વાંધો નથી... પણ એ લોકોને કહેજો ઓક્સિજનની બોટલનાં ભાવ કાબુમાં રાખે...!!

ચિરવિદાય

● મુકિતધામ ●

● સ્વ. ચૌહાણ પ્રતાપસિંહ ગુમાનસિંહ, ઉ.વ. ૮૦, હાથરવા, વડાલી
● સ્વ. રાઠોડ દેવુબેન રામાજી ઉ.વ. ૭૫, વડસાવા
● સ્વ. ડામોર ખીમજીભાઈ મંગળભાઈ, ઉ.વ. ૭૮, ચાંદખેડા, અમદાવાદ
● સ્વ. રાઠોડ ફૂલીબેન જયંતિભાઈ, ઉ.વ. ૫૨, લાલુજીની મુવાડી, દહેગામ
● સ્વ. ચૌહાણ જસવંતસિંહ ભગવાનસિંહ, ઉ.વ. ૬૩, સેકટર-૬
● સ્વ. ઠાકોર ભીખાજી રામાજી, ઉ.વ. ૯૫, ધાનોટ, કલોલ
● સ્વ. ગોયલ ગોરીબેન તેજુલાલ, ઉ.વ. ૨૫, કલોલ

● રૂદ્રભૂમિ ●

● સ્વ. સોલંકી ટીનાબેન સુડાભાઈ, ઉ.વ. ૨૬, સરગાસણ
● સ્વ. જોશી બિપીનચંદ્ર કે., ઉ.વ. ૮૨, સેકટર-૧૩
● સ્વ. છાયા વામનરાય કૌશીકરાય, ઉ.વ. ૭૧, કુડાસણ
● સ્વ. પાંડે મદનમોહન હરિદત્ત, ઉ.વ. ૬૬, વાવોલ
● સ્વ. પટેલ મુકેશભાઈ કાનદાસ, ઉ.વ. ૫૫, રાયસણ
● સ્વ. અંજાન રચના દર્શન, ઉ.વ. ૪૪, રાયસણ

એક્વેટિક ગેલેરી બાળકો-યુવાનોની વિજ્ઞાન જીજ્ઞાસાને પ્રબળ બનાવશે

સાયન્સ સિટી ખાતે એક્વેટિક-રોબોટિક ગેલેરી અને નેચર પાર્કની મુલાકાત લેતા મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૨૯

મુખ્યમત્રી વિજયભાઈ રૂપાણીએ અમદાવાદ સાયન્સ સિટી ખાતે એક્વેટિક-રોબોટિક ગેલેરી અને નેચર પાર્કની મુલાકાત લીધી હતી.

આ મુલાકાત બાદ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે અમદાવાદ સાયન્સ સીટી ગુજરાત જ નહીં દેશ આખાનું આકર્ષણ છે.

રાજ્યના બાળકો યુવાનોમાં વિજ્ઞાન પ્રત્યેની જીજ્ઞાસાને વધુ પ્રબળ બનાવવા સરકાર કટિબદ્ધ છે. સાયન્સ સિટીમાં તૈયાર થનારા વિવિધ વિજ્ઞાન પ્રકલ્પો એ તરફના જ કદમ છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે સાયન્સ સીટીમાં ૨૫૦ કરોડના ખર્ચે નિર્માણ પામનારી એક્વેટિક ગેલેરી દેશ અને રાજ્યના મુલાકાતીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહેશે.

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સાયન્સ સિટી ખાતે નિર્માણાધિન એક્વેટિક ગેલેરીમાં અંડરવોટર વોક-વે ટનલની મુલાકાત લીધી હતી.

આ એક્વેટિક ગેલેરી જિજ્ઞાસાને વધુ પ્રબળ બનાવશે તેવી

રાજ્યના બાળકો અને યુવાનોની આશા મુખ્યમંત્રીએ વ્યક્ત કરી હતી.

આ એક્વેટિક ગેલેરીમાં દુનિયાના વિવિધ મહાસાગરો, ઝોનમાંથી વિશિષ્ટ પ્રકારની માછલીઓ અને વિવિધ પ્રજાતિની માછલીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

અમદાવાદના સાયન્સ સિટીમાં ટૂંક સમયમાં જ દેશની સૌથી મોટી એક્વેટિક ગેલેરી આકાર પામવા જઈ રહી છે ત્યારે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે આ એક્વેટિક ગેલેરીનું આવનારા દિવસોમાં ઉદઘાટન કરાવીને રાજ્ય અને દેશના નાગરિકો માટે સમર્પિત કરવામાં આવશે.

આ ઉપરાંત રાજ્યના દરેક જિલ્લામાં વિજ્ઞાાન કેન્દ્રો પણ વિકસાવવામાં આવશે તેમ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું છે.

મુખ્યમંત્રી રૂપાણીએ આ મુલાકાત દરમ્યાન સાયન્સ સિટી ખાતે પ્રગતિમાં રહેલા કાર્યોની સર્વગ્રાહી જાણકારી મેળવી હતી. મુખ્યમંત્રીએ આ ઉપરાંત સાયન્સ સીટીમાંતૈયાર થઈ રહેલ નેચરપાર્કની પણ મુલાકાત લીધી હતી.